<table>
<tr><td>GJMR040031822025</td><td></td><td>
<table>
<tr><td>દાખલ તારીખ</td><td>૦૬/૧૦/૨૦૨૫</td></tr>
<tr><td>રજી. તારીખ</td><td>૦૬/૧૦/૨૦૨૫</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td>૦૪/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>સમયગાળો</td><td>
<table>
<tr><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૬</td><td>૨૮</td></tr>
</table>
</td></tr>
</table>
</td></tr>
</table>

**વાંકાનેરના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વાંકાનેર,જી. મોરબી.**

**ફો.કેસ.નં. ૨૬૪૮/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિ રૂ ધ્ધ**

**આરોપી:–** **નરેશભાઈ ખીમાભાઈ ગાંગીયા,**
ઉવ:૩૨, ધંધો:ડ્રાઈવીંગ,
રહે. રંગપર ગામ,વાંકાનેર
તા. વાંકાનેર, જી. મોરબી.

**ગુન્હો: બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુના સબબ...**

==========================================

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.કે.વોરા

==========================================

**:: ઠ રા વ ::**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત જોવામાં આવે તો, તા.૨૬/૦૭/૨૦૨૫ ના કલાક ૦૯:૦૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપી એ પોતાના હવાલા વાળુ વાહન ઈકો કાર જેના રજી. નંબર જોતા GJ–13–NN–1462 વાળુ વાહન રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે

પોતાની તથા બીજા માણસોની જીંદગી જોખમાય તે રીતે બેદરકારીથી ચલાવી નીકળી મળી આવતા ગુન્હો કરેલ હોય. જે અંગેની ફરીયાદ વાંકાનેર તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૦૮૫૬/૨૦૨૫ બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબની ફરીયાદ દાખલ થયેલ અને તપાસના અંતે ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

**૨.** આ કામમાં આરોપીને ધોરણસર સમન્સ બજી જતા તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીની પ્લી આંક – ૦૩ થી લેવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

**૩.** આ કામે આરોપી વિરૂધ્ધનો ગુનો પૂરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–:મૌખિક પુરાવો:–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૬ | પંચ રાસાભાઇ વરજાંગભાઇ ચાવડા ની જુબાની |
| ૨. | ૧૦ | ફરીયાદી અશોકભાઇ ગણેશભાઇ વાધેલા ની જુબાની |

**–:લેખિત પુરાવો:–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચનામું |
| ૨ | ૧૧ | ફરીયાદ |

**૪.** ત્યારબાદ આરોપીઓનું બી.એન.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** ત્યાર બાદ આ કામે વિદ્વાન એપીપીશ્રી તેમજ આરોપીના વિદ્વાન વકીલશ્રીની દલીલો વિગતે સાંભળેલ છે.

**૬. <u>આ કામમાં અત્રે ની કોર્ટ ના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.</u>**

**<u>–:: મુ દા ઓ ::–</u>**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, તા.૨૬/૦૭/૨૦૨૫ ના કલાક ૦૯:૦૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપી એ પોતાના હવાલા વાળુ વાહન ઈકો કાર જેના રજી. નંબર જોતા GJ–13–NN–1462 વાળુ વાહન રોડ ઉપર પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજા માણસોની જીંદગી જોખમાય તે રીતે બેદરકારીથી ચલાવી બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે ?

**મુદ્દા નં.૨** શું આખરી હુકમ ?

**૭. <u>ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.</u>**

**<u>–:: નિ ર્ણ યો ::–</u>**

**મુદ્દા નં.૧** નકારમાં.

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નંબર : ૧ અને ૨ અંગે :–</u>**

૮. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

> Three cardinal principles of criminal jurisprudence are well settled namely:
>
> (1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and
(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

૯. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષે પંચસાહેદ નં–૦૧ રાસાભાઇ વરજાંગભાઇ ચાવડા નો આંક–૦૬ નો મૌખિક પુરાવો જોતા આંક– ૦૭ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં અને ત્યારબાદ તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય આંક– ૦૭ના પંચનામાની હકીકત પુરવાર થયેલ માની શકાય નહીં.

**૧૦.** ફરીયાદપક્ષે ફરીયાદી સાહેદ નં–૦૨ અશોકભાઇ ગણેશભાઇ વાઘેલાને આંક– ૧૦ થી તપાસેલ છે. જેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૨૬/૦૭/૨૦૨૫ ના રોજ હું તથા પો.હેડ કોન્સ.–શકિતસિંહ જનકસિંહ જાડેજા વાંકાનેર તાલુકા પો.સ્ટે. વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન મેસરીયા આઉટ પોસ્ટ પાસે એક ઈકો કાર ચાલક પોતાના હવાલા વાળી ઈકો કાર પુરઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નીકળતા સદર ઈકો કાર ચાલક ને ઈશારો કરી રોકી નજીક માંથી બે રાહદારી પં ચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા નરેશભાઈ ખીમાભાઈ ગાં ગીયા રહે.રંગપર, તા.વાંકાનેર વાળો હોવાનું જણાવેલુ. જેનું વિગતવાર નું પંચનામુ અમારી સાથેના પો.હેડ કોન્સ.–શકિતસિંહ ના ઓ એ કરેલું મજકુર ની ઈકો કાર જેનો રજી. નં.–જી જે – ૧૩ –એન એન ૧૪૬૨ વાળી ઈકો કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય અમો આ ગુન્હાની ફરીયાદ આપેલી.જે ફરીયાદ આંક–૧૧ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ વાળી જગ્યા નેશનલ હાઈવે હોય જયાં વાહનો ની સતત અવર જવર હોય છે. મારી ફરીયાદમાં વાહન કેટલી ઝડપે ચાલતુ હતુ તેની ચોકકસ ઝડપ દર્શાવેલી નથી. મારી ફરીયાદમાં પંચોના નામ

સરનામા જણાવેલા નથી. અમારા ઉપલા અધિકારી દવારા વાહનો ની તેમજ જુગાર તેમજ પ્રોહી ની સ્પેશીયલ ડ્રાઈવ રાખવામાં આવે છે.

## ૧૧. <u>પુરાવાનું મુલ્યાંકન</u>

ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતાં, તા.૨૬/૦૭/૨૦૨૫ ના કલાક ૦૯:૦૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપી એ પોતાના હવાલા વાળુ વાહન ઈકો કાર જેના રજી. નંબર જોતા GJ–13–NN–1462 પુરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નીકળતા તપાસ દરમ્યાન મળી આવેલ હોવા અંગેની હકીકત જણાવેલ છે. તેમજ સદરહુ તમામ સાહેદોએ પોતાના મૌખીક પુરાવામાં વાહનની સ્પીડ જણાવેલ નથી.તેમજ બનાવ સ્થળે કેટલી સ્પીડ નિર્ધારીત થયેલ હતી તે અંગે પણ કોઈ પુરાવો નથી.તેમજ ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ કરેલ નથી.જેથી હાલના આરોપી બનાવ સમયે વાહન ચલાવતા હતા તેવી હકીકત પણ શંકા ઉપજાવે છેનામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા બાલા ચંદ્ર । વી.સ્ટેટ ઓફ મહારાષ્ટ, એ.આઈ.આર.૧૯૬૮ એસસી ૧૩૧૯ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precautions to guard against any injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the consequences has arisen, it was the imperative duty of the accused person to have adopted".

ઉપરોકત પ્રસ્થાપિત સીધ્ધાંત જોતા માત્ર ફરીયાદ પક્ષે વાહન ચાલકે યોગ્ય દરકાર લીધેલ નથી તથા બેદરકારીથી વાહન હંકારેલ હોવાનુ પુરવાર કરવુ પડે. હાલના કેસમાં ફરીયાદ પક્ષના તમામ સાહેદોના પુરાવામાં બનાવ બનેલાનુ ફલીત થાય છે પરંતુ હાલના આરોપીએ પોતાના કબજાનુ વાહન બેદરકારી તથા ગફતભરી રીતે હંકારી અકસ્માત કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી. ક્રિમીનલ કાર્યવાહીમાં ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેશ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. જેથી ફરીયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરેલ ન હોય ફરીયાદ પક્ષની દલીલોનો અસ્વીકાર

કરી બચાવ પક્ષની દલીલોનો સ્વીકાર કરુ છુ અને મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧)** આરોપી **નરેશભાઈ ખીમાભાઈ ગાંગીયા,** ઉવ:૩૨, ધંધો:ડ્રાઈવીંગ, રહે. રંગપર ગામ,વાંકાનેર, તા. વાંકાનેર, જી. મોરબી. નાઓને ભારતીય નાગરી સુરક્ષા સંહિતા ની કલમ ૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સહિતાની કલમ-૨૮૧ તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭,૧૮૪ અન્વયે સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)બી.એન.એસ.એસ.ની કલમ-૨૮૧ અન્વયે આરોપીએ રૂપીયા ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ :૦૪ માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૫/૨૦૨૬
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪